


## સલામી સવારની..

*ચાપલૂસને ચઢાવે, સ્વાયત્તને હટાવે છે,*
*સૈન્ય ધારે ત્યારે ગમે તેને ધૂળ ચટાવે છે,*
*કટાવે નાક વારંવાર ચર્ચા કરી કરી ને -*
*નવાઝ પાસે નાહક પૂંછ પટપટાવે છે...*
*(નવાઝ સૈન્યના હાથનું રમકડું - સુરક્ષા-સલાહકારોની ચર્ચા)*

હાઈકુ

*મતદારોને*
*લટકાવે ગાજર -*
*રામ-મંદિર...*
*(સંઘ-ભાજપની ઘસાઈ ગયેલી રેકર્ડ)*

*થશે તપાસ,*
*નબળાં વિદ્યાર્થીનું -*
*ગૃહ-કાર્યની...*
*(દિલ્હી નિશાળમાં હાજરી)*

## ચિંતન

**સાધુ આવત દેખિ, કર હંસી હમારી દેહ । માતા કા ગ્રહ ઊતરા, નૈન ન બાઢો સ્નેહ ॥**

સાધુ દર્શન, મિલન, સત્સંગ, ઉપદેશનો મહિમા કરતાં કરતાં કબીરજી તેના પ્રભાવનું દિલ સોંસરવું ઊતરે તેવું વર્ણન કરે છે. સાધુનું દર્શન જ સમગ્ર દેહને રોમાંચિત કરી આનંદથી ભરી દે છે.

'ફિરક કી ફાકી કરે તો સચ્ચા ફકીર'ની ઉક્તિ મુજબ આધિ, વ્યાધિ, ઉપાધિના ત્રિવિધ ત્રાસથી મુક્ત સાધુ તો હંમેશા નિજાનંદમાં જ હોય. તેના આગમનથી તનાવ વધે તો શું કામનું? તેને જોતાં જ આનંદની લહેર દોડે તો સાધુત્વ સાચું.

કબીરજી કહે છે માનવી દુ:ખી હોય અને કોઈ પાપગ્રહથી પીડિત હોય તેને તો સાધુના આવવાથી માથા ઉપરથી ગ્રહની અવદશા દૂર થતી લાગે. બાકી તો અણગમતી વ્યક્તિનાં જતાં જ કહે છે કે હાશ, આ પનોતી ટળી.

સાથે સાથે આંખોમાં સ્નેહની વૃદ્ધિ થાય છે. અનેક સંતોએ ધર્મની વ્યાખ્યા જ એમ કરી છે કે, 'પરસ્પર પ્રેમ ફેલાવે તે ધર્મ.'

ઈર્ષા, નફરત, ટીકા, રોષ કે દોષ દર્શન કરવા માટે જીંદગીનો અમૂલ્ય સમય શું કામ વેડફીએ?

જો નયનોમાંથી સ્નેહ નીતરે તો સુખની ભૂમિ લીલીછમ્મ રહે.

## સુવિચાર

- 'માં' તેરે દૂધ કા હક મુજસે અદા કયા હોગા...
  તું હૈ નારાજ તો મુજસે ખુશ ખુદા કયા હોગા... - **તાહીર રામપુરી**
- એ જ માનવી સફળ અને સુખી થઈ શકે છે; જે પોતાના મનનો માલિક હોય - **માનવસૂત્ર**
- દુ:ખ દૂર કરવાની પ્રાર્થના કરવા કરતાં એવું હૃદય માંગ,
  જે એ દુ:ખ પર વિજય મેળવી શકે - **ટાગોર**
- શિક્ષણ જ્ઞાન દેનારો નથી પણ ભીંતરના જ્ઞાનને બહાર આણનારો છે - **સોક્રેટીસ**
- દર્શન, સંકલ્પ અને કર્તવ્યપરાયણતા આ ત્રણની ત્રિવેણી એ જ ધર્મ છે - **ગુણવંત શાહ**
- ધર્મ એટલે પ્રેમ-પ્રભુ પ્રત્યેનો અને માનવ પ્રત્યેનો - **ધર્મસૂત્ર**
- જીવ પર પ્રેમ કરે તે 'જન,' તે 'જન' સેવે છે ઈશ્વર - **એસ. ભટ્ટાચાર્ય**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

આજકાલ લોકો-નેતાઓ-વેપારીઓ-સામેની વ્યક્તિને હેરાન-પરેશાન કરવા પણ કોર્ટ-કેસ કરી નાખે, સાચી-ખોટી ફરિયાદ કરી કેસનો જંગ યુદ્ધ શરુ કરે છે.

દક્ષિણ આફ્રિકામાં યુવાન બેરિસ્ટર ગાંધી સવારે ચાલવા નીકળ્યા. ત્યારે કાળા લોકોને ગોરા લોકોને પોતાની ફૂટપાથ પર ચાલવા પણ દેતા નહીં - ગમતું નહીં.

એક ગોરો સામેથી આવતો હતો. ગાંધીજીને જોઈ તેનો ક્રોધ-અણગમો હલબલી ગયો. ચાલતાં ચાલતાં ધક્કો માર્યો - ગાંધી ફૂટપાથ પર પડી ગયો. ત્યાંથી પસાર થતા બીજાં એક ગોરાએ આ દૃશ્ય જોયું - એ ગાંધીને બેરિસ્ટર તરીકે ઓળખતો હતો. તરત જ ઊભા કર્યા અને દિલગીરી વ્યક્ત કરી. કહ્યું, તમારી સાથે જેણે આવું વર્તન કર્યું તેને હું ઓળખું છું. તમારી સાથે કરેલો આ અન્યાય છે. હું તમારો સાક્ષી થઈ કોર્ટમાં ચાલીસ તમે એના પર 'કેસ' કરો.

ગાંધીજી કહ્યું, મિત્ર! આભાર, પણ અંગત સ્વાર્થ માટે કદી પણ યુદ્ધ-લડાઈ ન કરવાનો મારો નિયમ છે કોર્ટ-કેસ એ પણ 'યુદ્ધ' જ છે ને?!

# પાક સાથેનાં છાનગપતિયાં કેટલા વાજબી

## તંત્રીસ્થાનેથી....

પાડોશી બદલી નથી શકાતા એ જેટલું સાચું છે એટલું જ સાચું પેલું જુગજૂનું સૂત્ર છે : 'પહેલો સગો પાડોશી.' ઈશ્વરપુત્ર ઈસુ તો કહે છે : તારા પાડોશીને તારી જાત જેટલો જ પ્રેમ કર. આ બધા આદર્શો પુસ્તકોમાં અને કથાઓમાં તો સારા લાગે, પણ હકીકતમાં સૌથી વધારે અદેખાઈ પાડોશી જ કરતો હોય છે. પાકિસ્તાન અને ચીન - બેઉનો આપણને પૂરતો અનુભવ છે. પાકિસ્તાન કયારેક ભારતનું ભલુ ન જ ઈચ્છે, એવી માન્યતા ફક્ત શિવસેના જેવી હિંદુત્વવાદી પાર્ટી જ નહીં, હવે તો આ માન્યતાને કોંગ્રેસી નેતાઓ પણ ટેકો આપતા થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પાકિસ્તાન અને પાકિસ્તાની નેતાઓ પ્રત્યે કેવા કટાક્ષ કરતાં રહેતા એની યાદ અપાવવાની જરુર ખરી? એમણે ભુજની લાલન કૉલેજમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી પાડોશી દેશને ચીમકી આપેલી ત્યારે કોઈને કલ્પના પણ નહીં આવી હોય કે આ જ મહાપુરુષ વડાપ્રધાનપદના શપથ સમારોહમાં નવાઝ શરીફ માટે લાલ જાજમ પાથરશે. એ પછી શાલ અને સાડીની ડિપ્લોમસી ચાલી ત્યારે તો બધાને ઘડીભર એમ જ લાગેલું કે બે પાડોશી રાષ્ટ્રો વચ્ચેની દુશ્મનાવટ હંમેશને માટે ભૂતકાળ બની જશે. જો કે બેઉ દેશોની પ્રજા તો આમ જ ઈચ્છે - આટઆટલી અંટસ વચ્ચે પણ હજી ભારતીય મુસ્લિમો અને પાકિસ્તાની મુસ્લિલો વચ્ચેના રોટીબેટીના વહેવાર અકબંધ છે. પાકિસ્તાની દૂલ્હા હિંદુસ્તાની દુલ્હનોને લઈ આવે છે. હકીકત તો એ છે કે આ બેઉ પાડોશી દેશો એક જ રાષ્ટ્રના બે ટુકડા છે - એમને કરપીણ રીતે કાપીને જુદા કરાયેલા હોઈ આજ લગી એકમેકની સાથે ઓતપ્રોત થવા તરફડે છે. પરંતુ રાજકારણ નામનું રાક્ષસી તત્ત્વ એમની વચ્ચે દીવાલ થઈને ઊભું છે. વિશેષપણે પાકિસ્તાનનું વજૂદ જ હિંદુસ્તાન પ્રત્યેની નફરતમાં સમાયેલું છે. મહંમદ અલી ઝીણાએ મુસ્લિમ લીગના નામે જે હેઠ પકડી હતી તે દેશના ટુકડાઓમાં પરિણમી હતી. પરંતુ ભારતમાં અનેક મર્યાદાઓ સાથે સાત દાયકાઓ દરમિયાન લોકશાહી મજબૂત થતી રહી જયારે પાકિસ્તાનમાં કેવી લોકશાહી ચાલે છે તે દુનિયા આખી જાણે છે. તેથી કદાચ નવાઝ શરીફ ખરેખર 'શરીફ' હોય તો પણ ભારત સાથે સંબંધો સુધારવા માટે એણની શરાફત ખપ લાગે એમ નથી. નવાઝ શરીફના માથે લશ્કરી વડાનો ઓછાયો છે, જેમનું નામ કયારેક મુશર્રફ હતું અને આજકાલ રાહિલ શરીફ છે. સેનાના આ જનરલો કયારે બળવો કરી બેસશે અને નવાઝ શરીરને નજર કેજ કરી દેશે, એની કલ્પના ખુદ નવાઝ શરીફ પણ કરી શકે એમ નથી. મોદી સાથે જ કેમ, અટલબિહારી વાજપેયી સાથે પણ નવાઝ શરીફે તો દોસ્તીનો હાથ લંબાવ્યો હતો. પછી મુશર્રફે કારગિલ પર હુમલો કરી વાજપેયીનું નામ કાપ્યું હતું, તે યાદ રાખવું જોઈએ. જયાં સુધી કાશ્મીરનો પ્રશ્ન નહીં ઊકલે ત્યાં સુધી પાકિસ્તાન સાથે સમધારણ સંબંધો શક્ય જ નથી. અને કાશ્મીરનો પ્રશ્ન ઉકેલવામાં ભારતને કોઈ રસ નથી કારણ કે જો લોકમત લેવામાં આવે તો કાશ્મીર ભારત સાથે રહેવા તૈયાર થશે કે કેમ તે મુદ્દે પાકી શંકા છે. આ ભારતની દુખતી રગ પાકિસ્તાન બરાબર દબાવતું રહ્યું છે. સીધી લડાઈ કરતાં આતંકવાદીઓ મારફત ભારત સાથે પરોક્ષ યુદ્ધ કરવાનું પાક આર્મીને વધુ અનુકૂળ લાગે છે. મંત્રણાઓ ચાલતી હોય ત્યારે પણ છમકલાં ચાલુ જ રહે છે. એટલે તૂટી ગયેલો મંત્રણાનો દોર અને એકમેક સામે ચઢી ગયેલાં મોઢાં એકાએક ગઈ ગૂજરી ભૂલી જઈ ફાંસમાં ગુફ્તેગો કરવા લાગે એ પછી બેંકકોકમાં બેઉ દેશોના સુરક્ષા સલાહકારો વચ્ચે વાતચીતનો કાર્યક્રમ યોજાય, વળી સંસદને જાણકારી આપ્યા વગર જ કુલડીમાં ગોળ ભાંગતા હોય એમ 'હાર્ટ ઑફ એશિયા'ની મંત્રણા માટે બેઉ દેશના વિદેશમંત્રીઓ વચ્ચે બેઠક યોજાય - આ બધું રહસ્યમય લાગે તે સ્વાભાવિક છે. કેટલીક સુરક્ષા સંબંધી-લશ્કરી પગલાં જેવી બાબતો ગોપનીય રખાય ત્યાં સુધી સમજાય, પણ ભીંત પરના લખાણ જેવી બે દેશો વચ્ચે પ્રવર્તતી તંગદિલીથી કોણ અજાણ છે? બોમ્બ ધડાકાઓના ઘોંઘાટ વચ્ચે શાંતિની વાટાઘાટો શક્ય નથી, એવું કહેનારા પ્રખર રાષ્ટ્રવાદી વડાપ્રધાન રાતોરાત કોના દબાણ હેઠળ પેરિસમાં મિયાં નવાઝ શરીફની પાસે સામે ચાલીને મંત્રણા કરવા દોડી ગયા હતા? ખુદ શરીફે ખુલાસો કર્યો છે કે મોદી સામે ચાલીને વાત કરવા આવ્યા હતા. આમાં જો અમેરિકા જેવા જગત-જમાદારના હુકમનો જ અમલ થઈ રહ્યો હોય તો આપણા સ્વાભિમાનનું શું? સંસદમાં જ નહીં, સંસદ બહાર ખુદ શિવસેના જેવા એનડીએના ઘટક દ્વારા અને યશવંત સિન્હા જેવા ભાજપના વરિષ્ઠ દ્વારા પણ આ પ્રશ્ન ઉઠાવાયો હોય ત્યારે એનો ખુલાસો જરુરી નથી લાગતો શું?

# ટોલરન્સ-ઈન્ટોલરન્સ: પ્રેમમાં કેટલી વાર માફી? ૧૦૦ ભૂલ માફ, પછી નહીં




છેલ્લા થોડા વખતથી દેશ અને દુનિયામાં ટોલરન્સ અને ઈન્ટોલરન્સ શબ્દોએ ચર્ચા જગાવી છે. ચર્ચાએ માઝા મૂકી છે. સહનશીલતા અને અસહિષ્ણુતા. પ્રેમસંબંધમાં પ્રિયજનોને પણ સહન કરવાનો અનુભવ થયો હોય છે, જ્યારે બીજા પક્ષે પ્રેમસંબંધનું મૂલ્ય નહીં સમજીને અથવા પ્રિયજનની ગમે તેવી ભુલ હોય તો પણ સ્વીકાર નહીં કરીને ઈન્ટોલરન્સ (અસહિષ્ણુતા) પણ બતાવી હોય, એવું બને. તમે પ્રિયજનનાં વાંધા-વચકાં અને નખરાં ક્યાં સુધી સહન કરો? સહનશીલતાની પણ હદ આવી જાય ને. કારણ કે તમે ભગવાન નથી, માણસ છો.

સોશિયલ મીડિયાની દુનિયામાં ખુબ જાણીતો કલામ છે કે "ઝુકતા વો હી હૈ, જિસ મેં જાન હૈ, અકડ તો મુર્દોં કી પહચાન હૈ." પ્રેમ કરો તો તમારે ઝુકવું પણ પડે. પરંતુ તમારા ઝુકવા છતા અને તમે મનાવો તેમ છતા તમારું પ્રિય પાત્ર કોઈ વાતે માને જ નહીં અને તમારી માફીનો સ્વીકાર પણ ના કરે તો? તો એવી પરિસ્થિતિને ઈમોશનલ અત્યાચાર જ કહેવાય.

હિન્દી સિનેમાના એક અસરકારક ગીતના શબ્દો છે કે "વો અફસાના જિસે અંજામ તક લાના ના હો મુમકિન, ઉસે ઈક ખુબસૂરત મોડ દે કર છોડ દેના અચ્છા." બ્રેક-અપ કરી દો. બીજું શું?

**પ્રેમ કરો તો તમારે ઝુકવું પણ પડે, પરંતુ તમારા ઝુકવા છતાં ને તમે મનાવો તેમ છતા તમારું પ્રિય પાત્ર કોઈ વાતે માને જ નહીં અને તમારી માફીનો સ્વીકાર પણ ના કરે તો? તો એવી પરિસ્થિતિને ઈમોશનલ અત્યાચાર જ કહેવાય**

પ્રેમસંબંધમાં ઈમોશનલ અત્યાચારનો અનુભવ તમે કર્યો છે? જો "હા" તો તમે દુનિયાના બધા પ્રેમીઓ જેવા સમદુ:ખીયા છો, અને જો "ના" તો તમે કદાચ પ્રેમનો ખરો અનુભવ જ નથી કર્યો. પ્રેમમાં કેટલી વાર માફી માગવાની? અને કેટલી વાર માફી આપવાની? એનો કોઈ કાયદો કે સંવિધાન-બંધારણ નથી. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણનો શિશુપાલવધનો પ્રસંગ માફી અંગે માર્ગદર્શન અવશ્ય આપે છે. ૧૦૦ ભુલ તો ભગવાન પણ માફ કરી દેતા હોય છે. એ જ રીતે આપણે પણ ૧૦૦ વખત માફી માગીએ અને રાહ જોઈએ. પરંતુ સામેની વ્યક્તિ કોઈ રીતે માને જ નહીં, તો એવી જિદ્દી વ્યક્તિનું શું કરવું? ભગવાન પણ ૧૦૦ વખત ભૂલ માફ કરે, પછી નહીં.

ભગવાન શ્રીકૃષ્ણ અને શિશુપાલવધનો પ્રસંગ ભગવાનની સહિષ્ણુતા અને સહનશીલતાનું ઉત્કૃષ્ટ દૃષ્ટાન્ત છે. ભગવાન ધૈર્યવાન અને ક્ષમાશીલ, સંયમશીલ છે. શિશુપાલ તો ભગવાનનો પૈતૃક સ્વજન, ભાઈ છે. છતા તેના ૧૦૦ અપરાધ માફ કર્યા પછી તેને દંડ આપવા ભગવાન સુદર્શન ચક્રથી તેનું માથું ધડથી ઊડાવી દઈને તેનો શિરચ્છેદ કરી નાખે છે. સમગ્ર કથા આ પ્રમાણે છે.


ચંદ્રવંશી કુળના એટલે કે સોમવંશી રાજા દમઘોષનો રાજકુમાર એટલે પુત્ર શિશુપાલ. પિતાનું નામ રાજા દમઘોષ અને માતાનું નામ રાણી શ્રુતશ્રવા. રાણી શ્રુતશ્રવા ભગવાનના પિતા વસુદેવનાં બહેન થાય. એટલે કે રાણી શ્રુતશ્રવા ભગવાન શ્રીકૃષ્ણના ફોઈ.

શિશુપાલનો જન્મ ચેદી વંશમાં થયો. ભલે રાજવી કુળ-પરિવારમાં તેનો જન્મ થયો હોય, પરંતુ રાક્ષસ યોનિના હિરણકશિપુનો તેનામાં અંશ રહી ગયો હતો. આથી જન્મ સમયે જ બાળકને ત્રણ આંખો અને ચાર હાથ હતા. નવજાત શિશુનો દેખાવ જ રાક્ષસી અને બિહામણો હતો. વળી જન્મતાની સાથે જ નવજાત શિશુએ ગધેડા જેવો અવાજ કર્યો.

આથી મહારાજા સહિત સમગ્ર રાજવી પરિવારે તો નવજાત શિશુને અપશુકનિયાળ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ઘણી વખત કેટલાંક દુ:ખ અને અપમાનનું કષ્ટ શબ્દોમાં વ્યક્ત થઇ શકતું નથી, ફક્ત અનુભવી શકાતું હોય છે, રમીલાને પણ કંઈક એવું જ થયું હતું




ગોવિંદભાઈનું મકાન ઘણું જૂનું થઈ ગયું હતું તેનું રંગરોગાન અને દુરસ્તી ઘણા સમયથી થઈ ન હતી. જેથી ઘરની બહારની હાલત જોઈને અંદરની પરિસ્થિતિનો અંદાજ આવી જતો હતો.

સાંજના ચાર વાગ્યા હતા. રમીલાના ત્રણે બાળકો સ્કૂલેથી ઘરે આવી ગયાં હતાં. મોટી ગુડ્ડી દસ વર્ષની હતી, હીના સાત વર્ષની હતી અને નાનો બબબુ માંડ પાંચ વર્ષનો હતો. થાકેલો અને ડરેલી રમીલા એ રમીલાએ રસોડાની બારીમાંથી બહાર ઝાંકીને છોકરાંઓને જોયાં એન ગુડ્ડીની તરફ જોઈ આંખથી ઈશારો કર્યો. સ્વાભિમાની માંના સંસ્કારો અને સમજણે ગુડ્ડીને નાની ઉંમટે પીઢ બતાવી દીધી હતી. તેથી તે માંની જગ્યાએ નાના ભાઈબહેનનાં કપડાં બદલાવવા અને હાથ-મોં ધોવડાવવાના કામે લાગી ગઈ.

અચાનક ઓરડામાંથી ખીજ ભર્યો બુમાબુમના અવાજો આવવા લાગ્યા. અક્કરમી, નાલાયક, કંજૂસ મારા ઘરમાં રહેવાં છતાં આટલું ભાન પડતું નથી. મારો નાનો દીકરો, દીકરી અને જમાઈ આવ્યાં છે. તેં એમની કંઈ મહેમાનગતિ કરી, કંઈ ધ્યાન આપ્યું, સ્વાભિમાની અને ડરેલી ગુડ્ડી સમજી ગઈ કે દાદીમાં મારી માંને ખીજાઈ રહ્યાં છે. તે વધારે ધ્યાનપૂર્વક નાનાભાઈ બહેનોને સાચવવા લાગી. પણ સ્કૂલેથી આવેલા ભૂખ્યાં બાળકોને ચુપ બેસાડવાં મુશ્કેલ હતા. તેમાં હીના તોફાની હતી.

ડર અને આંસુ તેના કાયમી સંગાથી બની ચૂક્યા હતા. તેમાં એ પોતાના પતિ ગોવિંદની સ્થિતિનો વિચાર કરે છે. ગોવિંદને એક ઓફિસમાં સાધારણ નોકરી છે. પણ જવાબદારીનો બોજ અનેક ઘણો વધારે છે.હાલમાં જ ગોવિંદ પોતાની નાનાની બિમારીમાં ઘણો ખર્ચો કરી ચુક્યો છે. ખબર કાઢવાવાળા આવતાં રહે છે. તેમાં પૈસો પાણીની જેમ વપરાય છે. જેના તીક્ષ્ણ પ્રહાર રમીલાને વેઠવા પડે છે. કેમ કે ઘરની બધી જવાબદારી તેની માથે છે. તેનાં ત્રણે બાળકો પોતાની જરૂરિયાતો અને ઈચ્છાઓ માટે માતાને જ આધારે છે. રમીલા કયારેક પ્રેમથી સાંત્વના આપીને કે કયારેક બે ચાર રૂપિયા બચાવી તેમની નોટબુક, પેન્સીલ કે ડ્રોઈંગબૂક વગેરે લેવાની ફરમાઈશ પુરી કરે છે. એ રીતે રમીલા પોતાના જીર્ણ સંસારને સહનશીલતા, સદ્‌બુદ્ધિ અને સ્વાભિમાનથી સીંચી વર્ષો કાઢતી રહી છે.

સાંજના ચાર વાગ્યા હતા. ચ્હાનો સમય પણ થઈ ગયો છે. તે સિવાય દિયર, નણંદ અને નંણદોયાને આજે સાંજની ગાડીમાં પોતાને ગામ જવાનું છે. ટ્રેનમાં તેમને ખાવા માટે થેપલાં, શાક બનાવવાનું પડશે. રમીલા ઝટ ચ્હા બનાવવા લાગે છે. નાની દીકરી હીનાનો અવાજ સંભળાય છે. 'મમ્મી ભૂખ લાગી છે. ખાવાનું આપ' અરે, આ છોકરીને તો જરાય ધીરજ નથી. ગુડ્ડી નાનપણથી સમજદાર છે. જો સમયસર ચ્હા નહીં અપાય તો તો કોણ જાણે કેટલુંય સાંભળવું પડશે. મમ્મી... ખાવાનું...' તેણે વિચારેલું કે છોકરાઓ આવે તે પહેલાં તેમના માટે બટાકા પૌંઆ બનાવીને રાખશે જે ચ્હા સાથે મહેમાનોને પણ આપી શકાશે. પણ એ પહેલાં તો તેની સાસુના વાગ્બાણો એ તેને ઢીલી પાડી દીધી. શારીરિક શક્તિની સાથોસાથ માનસિક સક્રિયતા પણ નબળી પડી ગઈ. તેથી ચ્હા બનાવવાને બદલે ઊભી ઊભી રડતી રહી.

ચ્હા લઈને રમીલા બેઠક ખંડમાં આવી. આંગણામાં હીના ભૂખની મારી બૂમો પાડતી હતી. તેનાથી રમીલાનો જીવ કળીએ કપાતો હતો. હજુ ચ્હાનો કપ નણદાયાના હાથમાં આપ્યો હતો ત્યાં...


'તું તારા મનમાં સમજે શું, મારા જમાઈનું આવું અપમાન. અરે! મોટા ઘરના છે અને મારા દીકરા, દીકરીને પણ તે શું ખવડાવ્યું? ખાવામાં દાળભાત અને શાક સિવાય કંઈ પીરસેલું? કેટલા દિવસથી આવેલા છે. કયારેય ખીર કે મિષ્ઠાન જોવા મળ્યું? એમ કહેવાય કે માંની વાણીમાં અમૃત ઝરતું હોય છે. અહીં સાસુમાંની વાણીમાંથી તીખા મરચાં ઝરતાં હતા. નણંદ જરા શરમાઈ. બોલી કંઈ વાંધો નહીં. બીજી વાર આવીશું.' ત્યારે મિષ્ઠાન ખાઈ લઈશું. રમીલાએ પોતાની સ્થિર નજરે બધાં પર નજર ફેરવી પછી રસોડામાં જઈ દાળનો ડબ્બો ખંખેર્યો. ઘણાં દિવસથી બબલુને કલર બોક્સ લઈ આપવા માટે વીસ રૂપિયા બચાવીને રાખ્યા હતા. તેને ઝટ દઈને કાઢ્યા અને પાછલે બારણેથી બહાર નીકળી રોડ પર સામે ચ્હાની લારી પર કપરકાપી ધોતી છોટુને બોલાવ્યો.

'જલ્દી જા સામે રામભાઈની દુકાનેથી વીસ રુપિયાની બરફી લઈ આવ. જલ્દી કરજે. ઉત્તેજના અને વિવિધ વિચારોમાં તેના મગજમાં ગોળ ગોળ વલયો થતાં હતાં. આમ પણ ટ્રેન માટે ખાવાનું બનાવવાનું મોડું થઈ ગયું હતું. બાળકોના તોફાન અને રડવાનું ચાલું હતું. રમીલા સાડલાના છેડામાં ઢાંકીને બરફીનું પડીકું લઈ આવી અને ડીશમાં મુકી સૌની સામે બરફી મુકી દીધી. ઓરડામાં સન્નાટો છવાયેલો હતો. કોઈ જરા બબડ્યું, 'આની શું જરુર હતી?' ઓરડામાં બીજી બાજુથી દબાયેલો, પણ વ્યંગ ભર્યો અવાજ સંભળાયો. મિષ્ઠાન પીરસીને રમીલાને જીવમાં જીવ આવ્યો અને મનમાં જંગ જીતી જવાની ખુશી ઉમટી પડેલી ત્યાં ફરી એક વિસ્ફોટ! હવે ઓરડામાં બધા લોકો એકબીજાને જોરથી કંઈક કહેવાની કોશિશ કરતાં હતા. આવી કડવી વાતો. 'આવી સસ્તી મીઠાઈ અમે તો ન ખાઈએ.' 'મમ્મી મારી મીઠાઈ ખાવી છે.' ગુસ્સામાં રમીલાએ હીનાનું ફંગણું પકડી ખેંચી અને એક ધોલ મારી દીધી. હીના રડતી રડતી આંગણા તરફ ચાલી ગઈ.

ઘણી વખત કેટલાંક દુ:ખ અને અપમાનનું કષ્ટ શબ્દોમાં વ્યક્ત થઈ શકતું નથી. ફક્ત અનુભવી શકાતું હોય છે. રમીલાને પણ કંઈક એવું જ થયું હતું. કેમ કે મહેમાનોને આપેલ મીઠાઈ તેમણે બહાર રસ્તા પર ફેંકી દીધી. ગુડ્ડી ત્યાં જ ઊભી ઊભી નાના ભાઈ બહેનોને સમજાવી રહી હતી. હીના હજુ પણ હીબકાં ભરી રડતી હતી. ગુડ્ડી તેને બાથમાં લઈ તેના માથા પર હાથ ફેરવતી હતી. પેલી તરફ બબલું લાલચભરી નજરે રોડ પર પડેલ મીઠાઈને જોઈ રહ્યો હતો. તેના બાલમનમાં રોડ પર પડેલી મીઠાઈ જોઈને કેવા કેવા વિચારો આવી રહ્યા હશે એ તો તેજ જાણે. પછી લાલચ પર કાબુ ન રહેતાં મીઠાઈનો ટુકડો ઉપાડવા જતો હતો. ત્યાં ગુડ્ડીને તેને પકડી લીધો. પછી બંને બાઈબહેનને આંગણામાં બેસાડી રસોડમાંથી સવારની ટાઢી રોટલી અને ગોળ લઈ આવી અને બંનેને ખવડાવવા લાગી. બબલું ગોળનો ટુકડો ચૂસતાં બાળ સુલભ અભિવ્યક્તિની તૃપ્તિ પ્રગટ કરતો હતો. તો ભૂખી હીના એક સાથે રોટલીનો ડૂચો મોંમા ભરી જલ્દી ખાઈ લેવા માંગતી હોય એમ લાગતું હતું. સહનશીલ અને સ્વાભિમાની ગુડ્ડી તેના નાના હાથો વડે માંનું પ્રતિનિધિત્વ કરતી હતી. અને રમીલા રસોડાની બારીમાંથી પથ્થરની મૂર્તિની જેમ ઊભી ઊભી છોકરાઓને જોઈ રહી હતી. અચાનક જ તેનો મુરઝાયેલો ચહેરો વાત્સલ્ય પ્રેમથી તર થઈ ફૂલની જેમ ખીલી ઉઠ્યો.

- vanvihari@gmail.com

# પોકેટ સાઈઝ પ્રામાણિકતા...!! મફતનો માલ ખટક્યાં તો કરે જ...!!




પપ્પા, તમેય શું? આ દસ રૂપિયા એને પાછા આપવાની કયાં જરુર જ હતી? પરમ એના પપ્પાને પુછી રહ્યો હતો...

એમણે કરિણાયાની દુકાનમાંથી મહિનાભરનો સામાન ભર્યો હતો. એના બીલના ૮૩૦ રૂપિયા થયા હતા. કિરાણા સ્ટોર્સના માલિક ભરતભાઈએ એમને ૧૮૦ રૂપિયા પાછા આપ્યા, એટલે કે પંકજભાઈને દસ રૂપિયા વધારાના આવી ગયાં હતા. દુકાનમાંથી નીકળીને પાર્કિંગ તરફ જતાં એમનાં ધ્યાને આ આવી ગયું. સામાન જયારે વધારે લેવાનો હતો એટલે એમનો દીકરો પરમ સાથે આવ્યો હતો.

'અરે, પપ્પા! એમના હિસાબમાં કંઈ ભૂલ થઈ હશે!'

'તમે, આ ભારેખમ થેલાં લઈ ફરી પાછા એમને પૈસા આપવા જશો, કાલે આપો તો નહીં ચાલે? એ ભરતભાઈ તો તમને ઓળખે જ છે ને? અને હું તો કહું છું કે, શું કામ એ પૈસા પાછા જ આપવાના? દસ-વીસ રૂપિયામાં એમનું શું લૂંટાઈ જવાનું છે? પરમ જરા અકળાયો હતો.'

'એનું તો કશું નહીં જાય! પણ મારું જવાનું છે, આજનું સુખ!' પંકજભાઈ બોલી ઊઠ્યાં.

'પણ, એણે પૈસા વધારે આપ્યાં એ એની ભૂલ છે અને હવે આજના જમાનામાં આટલાં પ્રામાણિક કોણ રહ્યાં છે? એ ભાઈ પોતેય કયાં પ્રામાણિક છે. આપણાં પાસેથી અને લોકો પાસેથી કેટલીયે વાર એક ના બે કર્યા જ છે ને? પછી એકાદી વખત એણે ભૂલથી વધારે પૈસા આપ્યાં, અને તમે એ લીધાં તો એમાં કયાં તમારી પ્રામાણિકતા ધોવાઈ જવાની છે?' પરમ એના હાથમાં રહેલો થેલો બીજા હાથમાં બદલતાં બોલ્યો... સાચ્ચે તો એને દસ રૂપિયા માટે પાછા દુકાને જવું માન્યું જ નહોતું!

પંકજભાઈ બોલ્યા, 'જો બેટા, એની પ્રામાણિકતા એની પાસે, અને મારી, મારી પાસે! તું કહે છે એમ કદાચ એ દસ રૂપિયાથી એને કશો જ ફેર નહીં પડે... પણ એના કારણે મારું સુખ હણાઈ જશે. મને આજે ઉંઘ આવશે નહીં. ફરીથી જયારેય હું એની દુકાન પાસેથી નીકળીશ તો પણ મેં આના દસ રૂપિયા પચાવી પાડયાની ભાવના મને કોરી ખાશે. એના કરતાં હું એના પૈસા પાછાં આપી દઉં તો મને બે ફાયદા થશે.'


'એ કેવી રીતે?'

> *રેશનકાર્ડ ધરીને આગળ, હોલો બોલ્યો,*
> *ચપટી ચણથી પેટ અમારું નથી ભરાયું!*
> *કુદરત સામે કુરનિસ રોજ ભરું છું યારો,*
> *ઈશ્વર જાણે! પથ્થર સામે નથી નમાતું!*
> *- કિશોર જીકાદરા*

'એક તો હું એના પૈસા પાછા આપીશ, એટલે એ મારા પણ કૃતજ્ઞ રહેશે કે આણે મારા પૈસા પાછા આપ્યાં, અને નંબર બે... ભગવાન ન કરે અને આપણે એવી જરુર પડે, પણ જો કદાચ, જરુર પડે જતો, અને કોઈ કારણસર એનાં ત્યાંથી કરીયાળું ઉધાર લેવું પડ્યું... હું એને તમારા પૈસા પગારે આપીશ, એવું કહીશ તો એ ચોક્કસ મારા પર વિશ્વાસ કરશે.'

'પણ, પપ્પા, આટલી પ્રામાણિકતા કોણ બતાવે છે? તમારી જગ્યાએ હું હોત ને તો, એ જ પૈસાથી એની પાસેથી જ વેફર્સનું પૅકેટ લઈ લેત... એટલે એને પૈસાય અપાઈ જાત, અને મને પણ ફાયદો થયો હોત, બધું ફિટ્ટુસ થઈ જાય.'

'ભૂલે છે બેટા તુ, જો તું આવાં જ વિચાર કરવાનો હોય, તો તો સો ટકા પ્રામાણિકતાના પાટા પરથી ઉથલી પડીશ. પછી તો તેને આવી ટેવ પડશે, તારી હિંમત વધતી જશે, એન એનો ખરાબ બદલો તને મળશે, ત્યારે સમય નીકળી ગયો હશે... કેવી રીતે તને કહું?' પંકજભાઈ ઊંડો શ્વાસ લઈને બોલ્યો...



'જો બેટા! કોઈ જોતું નથી, ટ્રાફીક પોલીસ પણ હાજર નથી, એટલે તું સિગ્નલ તોડીશ, લાલ લાઈટમાં નીકળી જઈશ, પહેલીવાર આવું કરીશ એટલે બીક પણ લાગશે... પણ બીજી વારથી તો ડર નીકળી જશે, ત્રીજી વારમાં તો તું એકદમ નીડરથઈ જઈશ. પછી તો તારી આ સ્કિલ ડેવલપ થઈ જશે. પોલીસની હાજરીમાં જ તું સડસડાટ બાઈક દોડાવી જઈશ પછી પોલીસ તને પકડશે, દંડ કરશે, બે-ચાર ધોકાય ફટકારશે... આવું બધું થયાં બાદ પણ તું છૂટી જઈશ એવું તારે ધ્યાને આવશે એટલે તું એનાં કરતાંય અઘરાં સ્ટંટ કરીશ, અને એક દિવસ તારો જ કંટ્રોલ નહીં રહે અને તારો ભયંકર અકસ્માત થશે, બે-ચાર હાડકાંય ભાંગશે... અને ત્યારે તને તેની પેલી ન કરેલી પ્રાણાણિકતા દેખાશે.'

'પપ્પા, તમે તો વાતને કયાંથી કયાં લઈ ગયાં...? દસ રૂપિયાની વાત પર છેક મારો એક્સિડેન્ટ કરાવી દીધો, આ બંને વાત ને કયાં કોઈ સંબંધ છે?' પરમને એનાં પપ્પા પર ચીડ ચઢી...

'આ વાતને પ્રામાણિકતા સાથે સીધો સંબંધ છે જ! બધાં નિયમો બધાંને સરસ રીતે જીવી શકાય એ માટે જ બનાવેલાં હોય છે અને બધાંએ એ પ્રામાણિકતાથી પાળવાનાય હોય છે...'

મને જરા કહે તો, આ બધાં નિયમો, વાતો ને જો લોકો પ્રાણાણિકતાથી અમલમાં મુકે તો ભ્રષ્ટાચારને કોઈ ચાન્સ મળે? દાખલા તરીકે કંડકટરે છુટ્ટા પૈસા પાછા આપ્યાં, રીક્ષાવાળાએ યોગ્ય ભાડું વસુલ્યું કે રેસ્ટોરન્ટ વાળાએ એમ.આર.પી. પ્રમાણે પૈસા લીધાં, ગૃહિણીઓએ રસ્તા પર કચરો ફેંક્યો નહીં, સરકારી ઑફિસની દિવાલ પર કોઈ થૂક્યું નહીં, ચોપાટીની લારીઓ પર ક્વૉલિટી માલ વપરાયો, પટાવાળાએ બક્ષિસ સ્વીકારી નહીં... તો આ બધાંની પ્રામાણિકતાની અસર થશે કે નહીં?

અને જયારે આપણે આ બધું કરીશું ત્યારે બીજાને પણ આવું કરવા પ્રોત્સાહિત કરીશું, લોકોનો વિશ્વાસ જીતીને આપણે લોકપ્રિય પણ બનીશું...! અને ત્યારે જ તો આપણે ભ્રષ્ટ લોકો કે સિસ્ટમ વિશે બોલી કે વિરોધ કરી શકીશું. અને આપણે આવું કંઈ ભ્રષ્ટ કામ કરતાં નથી નું આત્મસન્માન મેળવી શકીશું.' પપ્પા પંકજભાઈની વાતની અસર પરમ પરથઈ ગઈ... એણે પપ્પાને બંને થેલીઓ પકડાવી ત્યાં જ ઊભાં રાખ્યાં અને જાતે જ દસ રૂપિયાની નોટ લઈ કરિયાણાની દુકાને આપવા દોડી ગયો... પ્રામાણિકતાનો પૉકેટ સાઈઝ પાઠ આજે એની આંખ ખોલી ગયો હતો...!!

**ચૂંટલો** : પ્રાણાણિકતાના પાઠ તો બાળપણથી જ શીખવવાં જાતે ઉ.દા. સેટ કરવું પડે, ઓછું મળે કે નાની અમથી વસ્તુ કે પૈસા કેમ પાછાં આપવાં? એવી માનસિકતા ઘડાય તો છેલ્લે એના પરિણામનો પરચો તીકો જ આવે, પ્રામાણિકતા જાળવી રાખીએ તો ચપટી ચણમાંય મીઠી નિંદર આવી જાય.